**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૪/૨/૨૦૧૫ બુધવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૪૪/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૩ કેસ કરી, ૨૧ વ્યક્તિઓને ઝડપી, ૬૫૭ લીટર દેશી દારૂ, ૧૦૨ બોટલ ઇગ્લીશ દારૂ, ૨૪ બિયર ટીન, ૦૧ ઓટોરીક્ષા અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી ૦૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬,૭૦૫/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૪૫/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૬૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ખુનઃ-** **સમાચાર યાદી નં.૨૪૬/૧૫**

**અમરાઈવાડીઃ** ચન્દ્રશેખર સુર્યનારાયણ તિવારી (રહે. રતિલાલની ચાલી સત્યનારાયણ હાટકેશ્વર અમરાઈવાડી) એ અમરાઈવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩/૨/૧૫ રાતના ૧૧/૩૦ વાગ્યાના સુમારે અમરાઈવાડી બળીયાવાસ ગીતા સ્કૂલ નજીક ચંદ્રશેખર તિવારીના ભાઈ રામશેખર તિવારી (ઉ.વ.૩૩) ને આરોપી (૧) દર્શન ઉર્ફે બંટી પ્રજાપતિ (૨) રાજુભાઈ પ્રજાપતિ (૩) મુન્નો ઉર્ફે ભુરીયો શાહ અને (૪) ધીરેન પ્રજાપતિ (તમાર રહે. અમરાઈવાડી ગામ અમરાઈવાડી) એ ભેગા મળી જુની અદાવત રાખી લોખંડની પાઈપ, ચપ્પા અને તલવારથી મોઢાના ભાગે તેમજ છાતીના ભાગે ગંભીર ઈજાઓ કરી મારી નાખવાની કોશિશ કરી નાસી ગયા હતા. ઈજાગ્રસ્ત રામશેખરને સારવાર માટે એલ જી હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તેનુ મૃત્યુ થતા અમરાઈવાડી પોલીસે ખુનની કલમનો ઉમેરો કરી આ ગુનાની તપાસ ઈન્ચાર્જ પો.ઈ.શ્રી એ બી ઠાકોર (ખોખરા પો.સ્ટે) ચલાવે છે.

**બળાત્કારની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૨૪૭/૧૫**

**વટવા :** નારોલ વિસ્તારમાં રહેતી ૨૩ વર્ષની પરણીત મહિલાએ તા.૩/૨/૧૫ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે આરોપી રવિ ઉર્ફે રાજ નયનકુમાર કડીયા (રહે.સોદાગરની પોળ, કાલુપુર) એ પરણીતાને એલીસબ્રીજ ખાતેની હોટલમાં તેમજ રીવરફ્રન્ટ ખાતે લઇ જઇ, પરણીતાનાં પતિને જાનથી મારી નાંખવાની ધમકી આપી તેણીની મરજી વિરૂધ્ધ બળજબરીથી શરીર સબંધ બાંધ્યો હતો. આ અંગે વટવા પોલીસે ગુનો નોંધી બનાવની જગ્યા એલીસબ્રીજ પો.સ્ટે.વિસ્તારની હોઇ આ ગુનાની તપાસ એલીસબ્રીજ પો.સ્ટે. તરફ કરેલ છે.

**<u>વિશ્વાસઘાત અને છેતરપીંડી :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૪૮/૧૫</u>**

**કાલુપુર :** ધર્મીનભાઇ દિલીપભાઇ શાહ (રહે.સ્વાગત બંગ્લોઝ, હીરાજૈન સોસાયટી, રામનગર, સાબરમતી) એ તા.૩/૨/૧૫ નારોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨/૨/૧૫ નારોજ ધર્મીનભાઇ શાહે કાલુપુર રતનપોળ ખાતે આવેલ રમેશકુમાર અંબાલાલ નામની આંગડીયા પેઢી મારફતે રૂપિયા ૨૫,૦૦,૦૦૦/- મુંબઇ ખાતેની ક્રીએટીવ બુલીયન નામની પાર્ટીને મોકલવા સારૂ આપેલ હતા. તા.૨/૨/૧૫ બપોરનાં ૨/૦૦ થી સાંજનાં ૫/૦૦ વાગ્યા દરમ્યાન આરોપી (૧) રોહીતભાઇ અને (૨) અશોકભાઇ નામના માણસે રમેશકુમાર અંબાલાલ આંગડીયાની ઉંઝા ખાતેની શાખામાંથી રોકડ રૂપિયા ૨૫,૦૦,૦૦૦/- મેળવી લઇ ધર્મીનભાઇ સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.ડી.ઝીલરીયા ચલાવે છે.

**<u>ઘરફોડઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૪૯/૧૫</u>**

**નરોડા :** અલ્પેશકુમાર પુનમભાઇ પરમાર (રહે.શુભલક્ષ્મી રેસીડન્સી, વૃદાવન ફ્લેટની સામે, સધી માતાનાં મંદિર સામે, નવા નરોડા) એ તા.૩/૨/૧૫ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૯/૧/૧૫ રાતનાં ૧૦/૦૦ થી તા.૩/૨/૧૫ સવારનાં ૭/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૧૫૦૦/- મળી કુલ રૂપિયા ૪૩,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ. શ્રી કે.એચ.જાડેજા ચલાવે છે.

**દાણીલીમડા :** મોહફીજુલ ગુલામઅંબીયા શેખ (રહે.સંજરી રેસીડન્સી, ચિરાગપાર્ક દાણીલીમડા) એ તા.૩/૨/૧૫ નારોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૧/૧૫ રાતનાં ૧૦/૦૦ થી તા.૩૧/૧/૧૫ સાજનાં ૭/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તીજોરીનું તાળુ તોડી, તીજોરીમાંથી સોનાના દાગીના કિંમત રૂપિયા ૯૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એસ.પરમાર ચલાવે છે.

**ઓઢવ :** ધર્મેશભાઇ ભીખાભાઇ પ્રજાપતિ (રહે.સિલ્વર એપાર્ટમેન્ટ, રામજી મંદિર સામે, ઇન્ડીયા કોલોની, બાપુનગર) એ તા.૩/૨/૧૫ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧/૨/૧૫ બપોરનાં ૩/૦૦ થી તા.૨/૨/૧૫ સવારનાં ૯/૧૫ વાગ્યા દરમ્યાન ઓઢવ સરદાર મૉલ ખાતે આવેલ ખ્વાહીશ ડીઝીટલ નામની પોતાની દુકાન નંબર ૮/૧ ની ઓફીસનાં દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઓફીસમાં પ્રવેશ કરી, કોમ્પ્યુટર નંગ-૩, કેમેરા નંગ-૩, કપડાં ૨૪ જોડ મળી કુલ કિંમત રૂપિયા ૧,૯૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જી.એસ.બારીયા ચલાવે છે.

**<u>સોનાનો દોરો ખેંચી લઇ ગયા:-</u>** **<u>સમાચાર યાદી નં.૨૫૦/૧૫</u>**

**ખોખરા :** શાંતાબહેન રતિલાલ ક્રિશ્ચીયન (ઉ.વ.૬૮)(રહે.સત્સંગ સોસાયટી, કાશી વિશ્વાનાથ મહાદેવ મંદિર સામે, મણીનગર પૂર્વ ખોખરા) તા.૩/૨/૧૫ સવારનાં ૧૦/૧૫ વાગ્યાના સુમારે પોતાની સોસાયટીના દરવાજા નજીકથી પસાર થઇ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ શાંતાબહેનનાં ગળામાંથી સોનાનો દોરો કિંમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ શાંતાબહેન ક્રિશ્ચીયને ખોખરા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.બી.ઠાકોર ચલાવે છે.

**વાહનચોરી :-** **સમાચાર યાદી નં.૨૫૧/૧૫**

**સાબરમતી :** અજીતકુમાર બચુજી ઠાકોર (રહે, કૈલાસનગર, ગોકુલધામની બાજુમાં, સાબરમતી) એ તા.30/૧/૧૫ રાતનાં ૮/00 વાગે પંચશીલ હોસ્પીટલ નજીક બાઇક સર્વિસ નામની દુકાન આગળ પોતાની ઓટોરીક્ષા નંબર જીજે.૧.ડી.ટી.૧૧0૫ કિંમત રૂપિયા ૮0,000/- પાર્ક કરી હતી. જેની ચોરી 30 મીનીટમાં થઇ હતી. આ અંગેની ફરીયાદ અજીતકુમાર ઠાકોરે તા.3/૨/૧૫ નારોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી યુ.જે.જોષી ચલાવે છે.

**નવરંગપુરા :** જયેશભાઇ વિનુભાઇ વોરા (રહે,હાઉસીંગ કોલોની, ઓઢવ) એ તા.૧/૨/૧૫ સાંજનાં ૭/૪૫ વાગે નવરંગપુરા આશ્રમરોડ, શ્રી સીનેમા નજીક પોતાની મારૂતી ઇકો કાર નંબર જીજે ૨૭ એએ ૬૧૩ કિંમત રૂપિયા ૧,૫0,000/- પાર્ક કરી હતી. જેની ચોરી રાતનાં ૧0/૧૫ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ અંગેની ફરીયાદ જયેશભાઇ વોરાએ તા.3/૨/૧૫ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.એમ.પાંડોર ચલાવે છે.

**આત્મહત્યા :** **સમાચાર યાદી નં.૨૫૨/૧૫**

**મેઘાણીનગર :** રેખાબહેન કૈલાશભાઇ દરજી (ઉ.વ.30)(રહે. ઘી વાળી ચાલી, ચમનપુરા મેઘાણીનગર) એ બીમારીથી કંટાળી જઇ તા.૨૭/૧/૧૫ બપોરના ૨/00 વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળામાં દુપટ્ટો બાંધી ગળે ફાંસો ખાતા સારવાર અર્થે સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.3/૨/૧૫ કલાક 00/30 વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી બી.એમ.નાડીયા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.